# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-02-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1. વિકસિત ભારત-2047ના સંકલ્પને સાકાર કરવાની નેમ સાથે રાજ્યનું વર્ષ ૨૦૨૬-૨૭નું ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનું અંદાજપત્ર રજૂ કરતાં નાણામંત્રી કનુ દેસાઇ
2. રાજ્યમાં ત્રણ લાખ 15 હજાર નવા આવાસો બનાવવાની સરકારની જાહેરાત.. નવા 121 શ્રમિક અન્ન કેન્દ્રો અને 154 ધન્વંતરી રથ શરૂ કરાશે
3. ગાંધીનગરમાં દેશની સૌથી મોટી નમો સેન્ટ્રલ લાયબ્રેરી સ્થાપાશે.. ગૃહ વિભાગ માટે 14 હજાર 265 કરોડની જોગવાઈ
4. રાજ્યમાં સેમિકંન્ડક્ટર અને હાઇ મેન્યુફેક્ચરિંગને વેગ અપાશે ... શિક્ષણ વિભાગ માટે ૬૩હજાર ૧૮૪ કરોડ, આદિજાતિ વિકાસ વિભાગ માટે પાંચ હજાર ૪૨૫ કરોડની જોગવાઇ
5. આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે 25 હજાર 403 કરોડ થી વધુની વીબી જી રામજી યોજના માટે સરકારે એક હજાર પાંચસો કરોડની જોગવાઇ કરી

------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GUJARAT BUDGET OVERALL

ગુજરાત વિધાનસભા ખાતે આજે રાજ્યનું વર્ષ ૨૦૨૬-૨૭નું કુલ 4 લાખ 8 હજાર 53 કરોડ રૂપિયાનું વિક્રમી અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે. અંદાજપત્ર રજૂ કરતા, નાણાં મંત્રી કનુ દેસાઈએ કહ્યું, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની સરકારનું આ બજેટ સામાજિક સુરક્ષા, માનવ સંસાધન, માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિ અને ગ્રીન ગ્રોથ એમ પાંચ સ્તંભો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

(બાઇટ : KANU DESAI - GDP – BUDGET)

શ્રી દેસાઇએ જણાવ્યું, પોલિસી ડ્રીવન સ્ટેટ તરીકે ગુજરાત સરકારે અનેક મહત્વની નીતિઓ જાહેર કરી છે જેનાથી યુવા પ્રતિભાને AI આધારિત સંશોધન અને કુશળતા વિકસાવવામાં નવી તકો મળશે.

( બાઇટ : KANU DESAI - POLICY )

અંદાજપત્રની મુખ્ય જાહેરાતોમાં શિક્ષણ અને યુવા શક્તિ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

રાજ્યના ૯૭ લાખ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ પેટે ૫,૯૬૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મહત્વપૂર્ણ જાહેરાત મુજબ, અનુસૂચિત જાતિ અને જનજાતિના કુમાર વિદ્યાર્થીઓ માટે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિની વાર્ષિક આવક મર્યાદા ₹૨.૫૦ લાખથી વધારીને હવે ₹૬ લાખ કરવામાં આવી છે. રાજ્યમાં નવી ૯૨૬ PM-શ્રી શાળાઓ અને ગાંધીનગર ખાતે દેશની સૌથી મોટી અત્યાધુનિક 'નમો સેન્ટ્રલ લાયબ્રેરી' સ્થાપવાની જાહેરાત કરાઈ

( બાઇટ : KANU DESAI - PM SHRI)

આરોગ્ય અને ગરીબ કલ્યાણ ક્ષેત્રે, PMJAY યોજના હેઠળ ₹૩,૪૭૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે. રાજ્યમાં અમદાવાદ બાદ હવે સુરત, ભાવનગર અને જામનગર ખાતે પણ કિડની સંસ્થાન દ્વારા IVF સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આવાસ યોજનાઓ અંતર્ગત આ વર્ષે ૩.૧૫ લાખથી વધુ નવા મકાનો બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

(બાઇટ : KANU DESAI - PMJAY MAA - BUDGET
)

નારી શક્તિના સશક્તિકરણ માટે 'લખપતિ દીદી' અભિયાન અને 'નમો લક્ષ્મી યોજના' જેવી પહેલને વેગ આપવામાં આવ્યો છે. ખાસ કરીને ITI માં અભ્યાસ કરતી દીકરીઓ માટે નવી 'નમો કૌશલ્ય લક્ષ્મી યોજના'ની જાહેરાત કરવામાં આવી છે. કૃષિ અને પશુપાલન ક્ષેત્રે સરકારે ₹૧૧,૦૦૦ કરોડના કૃષિ રાહત પેકેજની સાથે કુદરતી ખેતી અને યાંત્રિકીકરણ માટે મોટી જોગવાઈઓ કરી છે. સિંચાઈ માટે સૌની યોજના અને સુજલામ સુફલામ પાઈપલાઈન માટે કરોડો રૂપિયા ફાળવવામાં આવ્યા છે. વળી, પશુપાલકોની આવક વધારવા માટે ૪ ઝોનમાં બાયો-CNG પ્લાન્ટ સ્થાપવાની નવી યોજના પણ જાહેર કરાઈ છે.

ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે ૨૫ GIDC ને 'સ્માર્ટ GIDC' બનાવવાનું આયોજન છે અને આદિજાતિ વિસ્તારોમાં ૫ નવી ઔદ્યોગિક વસાહતો સ્થાપવામાં આવશે. રાજ્યમાં ટ્રાન્સપોર્ટની સુવિધા વધારવા ૫૦૦ ઇલેક્ટ્રિક બસો સહિત કુલ ૨,૪૬૩ નવી બસો સેવામાં મુકવામાં

આવશે. નમો શક્તિ એક્સપ્રેસ-વે અને સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વે માટે પણ બજેટમાં મોટી રકમ ફાળવવામાં આવી છે.

( બાઇટ : KANU DESAI – GIDC)

આ ઉપરાંત, , કાયદો અને વ્યવસ્થાના સુદ્રઢીકરણ માટે 'ડાયલ-૧૧૨' જનરક્ષક પ્રોજેક્ટ અને પોલીસ માટે ૨૦,૦૦૦ થી વધુ આવાસ બનાવવાની જાહેરાત સાથે, આ બજેટ 'વિકસિત ગુજરાત@૨૦૪૭'ના લક્ષ્યને સાકાર કરવાની નેમ વ્યક્ત કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# ADD BUDGET

આરોગ્ય અને સુખાકારી માટે, 'પીએમ જન આરોગ્ય-મા યોજના' હેઠળ કેશલેસ સારવારની જોગવાઈઓ સાથે રાજ્યના ૬.૪૦ લાખ સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે ૧૦ લાખ રૂપિયાનું સ્વાસ્થ્ય સુરક્ષા કવચ જાહેર કરાયું છે. શહેરી વિકાસ ક્ષેત્રે, અમદાવાદને ૨૦3૦ની કોમનવેલ્થ ગેમ્સ માટે **'ઓલિમ્પિક રેડી સિટી'** બનાવવા ૧૨૭૮ કરોડ રૂપિયા ફાળવાયા છે, જ્યારે કલોલ, સાણંદ અને બારડોલી જેવા વિસ્તારોને આધુનિક **સેટેલાઇટ ટાઉન** તરીકે વિકસાવવાનું આયોજન છે.

માળખાકીય વિકાસને વેગ આપવા માટે ૫૦ હજાર કરોડના 'વિકસિત ગુજરાત ફંડ' ની રચના કરાઈ છે, જેમાં આ વર્ષે ૧૦ હજાર કરોડની ફાળવણી કરાઈ છે. આ ઉપરાંત, સોમનાથને ગ્લોબલ ડેસ્ટિનેશન તરીકે વિકસાવવા અને ૨૦૨૬ના વર્ષને **'ગુજરાત પ્રવાસન વર્ષ'** તરીકે ઉજવવાની પણ મહત્વની જાહેરાત કરવામાં આવી છે. નાણામંત્રીએ

વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, આ બજેટ ગુજરાતને દેશના જીડીપીમાં અત્યારના ૮.૨ ટકાના ફાળાથી આગળ લઈ જઈ આત્મનિર્ભર ભારતનું મુખ્ય કેન્દ્ર બનાવશે.

. . . . . . . . . . . . . .

# GUJARAT BUDGET 2026-27

રાજ્યના નાણામંત્રી કનુ દેસાઇએ આજે વર્ષ 2026-27નું બજેટ રજૂ કર્યું હતું.. શ્રી દેસાઇએ સતત પાંચમી વાર આ બજેટ રજૂ કર્યું હતું.. વિકસિત ભારતને વેગ આપવાની નેમ સાથે આ અંદાજપત્ર રજૂ કરાયું હતું.... આ અંદાજપત્રમાં વિવિધ જોગવાઇઓ કરવામાં આવી હતી. પ્રસ્તુત છે એક અહેવાલ .....

(VOICECAST – MAYUR SOLANKI)

*(નાણામંત્રી કનુ દેસાઇએ વર્ષ 2026-27ના અંદાજપત્રની જાહેરાત કરતાં કહ્યુ હતુંકે રાજ્યમાં યુવાનો, મહિલાઓ અને ખેડૂતોના વિકાસ સહિતના તમામ નાગરિકોના વિકાસ માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. તેમણે વિવિધ જોગાવાઇઓની રજૂઆત કરતાં કહ્યુ હતું કે*

- *રાજ્યમાં નવા ત્રણ લાખ 15 હજાર નવા આવાસોનું નિર્માણ કરાશે*
- *રાજ્યમાં 154 ધન્વંતરી રથ શરૂ કરાશે*

*- રાજ્યના શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત નવા 121 અન્ન કેન્દ્રો શરૂ કરાશે*

*- ગાંધીનગરમાં દેશની સૌથી મોટી સેન્ટ્રલ નમો લાયબ્રેરીની સ્થાપનાની જાહેરાત*

*- સુરત, ભાવનગર અને જામનગરમાં નવી આઇવીએફ સુવિધા ઉભી કરાશે*

*- વીબી- જી રામજી યોજના માટે એક હજાર પાંચસો કરોડની જોગવાઇ*

*- નમો કૌશલ્ય વિકાસ યોજના માટે 226 કરોડની જોગવાઇ કરાઇ*

*- સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા ખાતે નવા આઇ- હબ સ્થપાશે*

*મયૂર સોલંકી, આકાશવાણી સમાચાર, અમદાવાદ...)*

----------------

# BUDGET ALLOCATION

અંદાજપત્રમાં નાણા મંત્રી કનુ દેસાઇએ વિવિધ વિભાગો માટે નાણાકીય જોગવાઇઓ કરી છે.. પ્રસ્તુત આ જોગવાઇ અંગેનો એક અહેવાલ

(VOICECAST - KARAN SAMRAT)

*(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે કુલ ₹૨૫૪૦૩ કરોડ,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ ₹૭૦૮૬ કરોડ,આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ ₹૫૪૨૫ કરોડ,શિક્ષણ વિભાગ માટે કુલ ₹૬૩૧૮૪ કરોડ,શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ ₹૨૯૦૨ કરોડ ,મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ ₹૭૬૯૦ કરોડ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ માટે કુલ ૨૮૫૬ કરોડની જોગવાઇ કરાઇ છે. જ્યારે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ માટે કુલ ₹૨૦૦૬ કરોડની જોગવાઇ અનેરમતગમત ક્ષેત્રે ₹૧૩૩૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.*

*આકાશવાણી સમાચાર અમદાવાદ )*

. . . . . . . . . . . . .

# OTHERES ALLOCATIONS

નાણામંત્રીએરજૂ કરેલા બજેટમાં અન્ય વિભાગોની પણ જોગવાઇ કરાઇ છે જેમાં ....

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે કુલ ૪૩૧૪ કરોડ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે ૨૬૩૪ કરોડની , નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ માટે ૨૫૯૬૦ કરોડ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ માટે કુલ ₹૧૪૮૫૮ કરોડની જોગવાઇ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ

₹૩૩૫૦૪ કરોડ, માર્ગ અને મકાન વિભાગ માટે ૨૯૭૦૯ કરોડની , અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ માટે ૨૮૫૬ કરોડ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે ૨૬૩૪ કરોડ, ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે ૧૩૯૪૨ કરોડ, પ્રવાસન, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન માટે ૩૦૯૦ કરોડ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે ૨૪ હજાર ૨૨ કરોડ, સામાન્ય વહીવટ વિભાગ માટે ૨૯૧૦ કરોડની અને મહેસૂલ વિભાગ માટે કુલ પાંચ હજાર ૫૫૨ કરોડની નાણાકીય જોગવાઇ અદાજપત્રમાં કરવામાં આવી છે..

. . . . . . . . . . . . .